સંક્ષિપ્ત સમાચાર

ગોધરા રાજપુત સમાજ સંસ્થાને સો વર્ષ પૂરા થતા શતાબ્દિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

ગોધરા : પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજની સ્થાપના ડિસેમ્બર 2025 માં 100 વર્ષ પૂર્ણ થતા જે અવસરે સપ્તાહથી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું (પંચમહાલ, મહીસાગર, દાહોદ) જિલ્લાની રાજપુત સંસ્થા તરીકે પંચમહાલ જિલ્લા રાજપૂત સમાજની સ્થાપના તારીખ 25/12/1925 ના રોજ રેવા કાંઠા રાજપુત પરિષદ તરીકે થયેલી હતી. જે સમાજના સ્થાપકો, આગેવાનો અને રાજપુત બંધુઓના દૂરદ્રષ્ટિનું ઉત્તમ ઉદાહરણ છે સદર સંસ્થા ને 100 વર્ષ પૂર્ણ થતા ભવ્ય આયોજન ગોઠવવામાં આવ્યું હતું . સંસ્થાએ સો વર્ષ પૂર્ણ થયા બદલ એક્સેલન્સ ઈંગ્લેન્ડ ટીમ દ્વારા સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું.12 થી 1 ભોજન બાદ બે થી પાંચ દરમિયાન વિશાળ શોભાયાત્રા શોભાયાત્રા બાદ રાત્રી ભોજન પછી શતાબ્દી મહોત્સવ સમારોહ ત્યારબાદ રાત્રે 9:00 કલાકે લોક ડાયરો રાખવામાં આવ્યો હતો તેમાં કિર્તીદાન ગઢવી અને માયાભાઈ આહીર લોક ડાયરા ને દીપાવ્યો હતો .

ગુજરાત સરકારના નાણા મંત્રીનાં હસ્તે પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત કાલોલ નગરપાલિકાને પુરસ્કાર એનાયત

કાલોલ : પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) એ એક કેન્દ્રીય યોજના છે.આ યોજના 2020 માં શરૂ કરવામાં આવી હતી અને તેનો ઉદ્દેશ શેરી વિક્રેતાઓને આત્મનિર્ભર બનાવવાનો છે અને જે અંતર્ગત શહેરી વિકાસ વર્ષ 2025 ના ભાગરૂપે સ્વાનિધી સમારોહમાં તારીખ આંઠ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ એવોર્ડ આપવામાં આવ્યા હતા જેમાં કાલોલ નગરપાલિકામાં શહેરી ફેરિયાઓ ને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા માટે સ્થાનિક સત્તા મંડળ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય પ્રયાસો માટે ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ ના હસ્તે Pm.Svanidhi 2023-24 માટે 'પ્રાઇઝ' એવોર્ડ મળ્યો છે.જેમાં ભારત સરકાર દ્વારા શહેરી ફેરિયાઓ ને તેઓની આજીવિકા માટે કેપિટલ લોન આપવા માટે પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (PM SVANidhi) માર્ચ 2030 સુધી લાગુ કરવાં આવેલ છે.

ગોધરાની કોમર્સ કોલેજમાં થેલેસેમિયા અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગોધરા : સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય જાગૃતિ લાવવાના હેતુથી થેલેસેમિયા અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એનએસએસના પ્રોગ્રામ ઓફિસર પ્રો. ડો. અરુણસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે દીકરા-દીકરીઓના લગ્ન નક્કી કરતા અગાઉ જન્મકુંડળી ભલે મેળવો પરંતુ થેલેસેમિયા રિપોર્ટ અવશ્ય મેળવવો જ પડશે. જો બે થેલેસેમિયા માઈનર પાત્રોના લગ્ન થાય તો તેમનું સંતાન સંભવતઃ થેલેસેમિયા મેજર જન્મી શકે છે અને થેલેસેમિયા મેજર એ અત્યંત ગંભીર બીમારી છે. કાર્યક્રમના પ્રારંભમાં કોલેજના પ્રિન્સિપાલ ડો. શૈલેન્દ્ર પાંડેએ વિદ્યાર્થી ઉપયોગી પ્રવચન આપ્યું હતું, ત્યારબાદ ડો. અરુણસિંહ સોલંકીએ થેલેસેમિયા શેનાથી ઉદ્ભવે છે, થેલેસેમિયા માઈનર અને મેજર વચ્ચેનો તફાવત તેમજ થેલેસેમિયા ગ્રસ્ત બાળકો અને તેમના વાલીઓને પડતી તકલીફો વિશે સરળ શબ્દોમાં વિસ્તૃત માહિતી આપી હતી.

લીમખેડા તાલુકાના દુધિયા ગામે સહકાર ભારતી દાહોદના સંગઠન પ્રમુખની ઓફિસમાં મિટીંગ મળી

લીમખેડા : સહકાર ભારતી દાહોદ જિલ્લાની મીટીગ લીમખેડા તાલુકાના દુધિયા ગામે સહકાર ભારતી દાહોદના સંગઠન પ્રમુખ રમેશભાઈ ગારીની ઓફિસમાં મળી જેમાં સહકાર ભારતી પ્રદેશ સહ સગઠન પ્રમુખ નીતિનભાઈ સોની દાહોદ જિલ્લાના સહકાર ભારતી ના અધ્યક્ષ નિમેષભાઈ જોશી , મંત્રી ભરતભાઈ શ્રીમાળી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા સહકાર ભારતી ના સ્થાપના દિવસ ની ઉજવણી કરવા ની અને દાહોદ જિલ્લા ની સહકારી મંડળીઓને સો વર્ષ થાય છે તેમને સિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે જે અનુસંધાને સમગ્ર જિલ્લામાં સહકારી મંડળીઓ ને મંડળીની સ્થાપનાના ૧૦૦ વર્ષ પુરા થાય છે તેની ઊજવણી કરવા તથા સહકાર ભારતી નો વ્યાપ વધારવા આજની મિટિંગ માં નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગરીબ - નિરાધાર પરિવાર ૫ માસના બાળ સાથે સૂતો હતો અને ઘટના બની

પાવાગઢ રોડ પર સાંઈબાબાના મંદિરના ફુટપાથ પર સૂતેલા બાળકનું અપહરણ

સીસીટીવીમાં શંકાસ્પદ મહિલા કેદ: પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા તપાસનો ધમધમાટ

(પ્રતિનિધિ) હાલોલ, તા.10 હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા પાવાગઢ રોડ પરથી એક ૫ માસના માસૂમ બાળકનું અપહરણ થવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત તારીખ ૦૭/૦૧/૨૦૨૬ના રોજ ફરિયાદી આશાબેન અર્જુનભાઈ દંતાણી પાવાગઢ રોડ પર સાંઈ બાબાના મંદિર પાસે આવેલ ફુટપાથ ઉપર પોતાના બાળકો સાથે સૂતા હતા.

ત્યારે રાત્રિના આશરે બાર વાગ્યાના સુમારે એક અજાણી સ્ત્રી ત્યાં આવી હતી અને આશાબેન પાસે સૂઈ રહેલા તેમના ૫ માસના બાળકનું અપહરણ કરીને લઈ ગઈ હતી.

આ મામલે હાલોલ ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને જિલ્લા પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ જિલ્લા એલ.સી.બી., એસ.ઓ.જી., હાલોલ ટાઉન પોલીસ અને હાલોલ રૂરલ પોલીસની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસ દ્વારા બનાવ વાળી જગ્યાની આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરવાની તેમજ ટેકનિકલ અને હ્યુમન રિસોર્સની મદદથી ગુનો શોધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. સીસીટીવીમાં દેખાતી શંકાસ્પદ મહિલા બાબતે કોઈ પણ નાગરિકને જાણકારી મળે તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

ચેક રિટર્ન કેસમાં હાલોલ કોર્ટનો ચુકાદો, આરોપીને કલમ 138 હેઠળ નિર્દોષ જાહેર કર્યો

(પ્રતિનિધિ) હાલોલ, તા.10 હાલોલ કોર્ટમાં ચાલતા ચેક રિટર્ન કેસમાં આરોપીને નિર્દોષ જાહેર કરતો મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ પાઠક સ્ટીલ ટ્રેડર્સના ભાગીદાર બ્રિજ મોહનરામપ્રસાદ કેડીયાએ એસ.કે.એમ. ઈન્ડસ્ટ્રીઝના ઓથોરાઈઝ સુનિલ માખીજા (રહે. 406, સત્યનારાયણ એવન્યુ, સત્યનારાયણ મંદિર પાસે, મહાજન સ્કૂલ સામે, નાની દમન) સામે ચેક રિટર્ન અંગે ફરિયાદ દાખલ કરી હતી.

ફરિયાદ મુજબ, પાઠક સ્ટીલ ટ્રેડર્સ દ્વારા ઈન્વોઈસ નંબર 964 મુજબ સ્ટીલના રાઉન્ડ બાર મટીરિયલ તથા જીએસટી સહિત કુલ રૂ. 4,11,832/-નું માલ ખરીદવામાં આવ્યું હતું. આ રકમની ચુકવણી માટે આરોપીએ HDFC Bank, નાની દમન શાખાનો ચેક નંબર 000562 તારીખ 16/03/2021નો રૂ. 4,08,938/-નો પાઠક સ્ટીલ ટ્રેડર્સના નામે આપ્યો હતો. આ ચેક પરત ફરતા ફરિયાદીએ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ હાલોલ કોર્ટમાં ક્રિમિનલ કેસ નંબર 1685/2021 દાખલ કર્યો હતો. કેસની સુનાવણી દરમિયાન આરોપી પક્ષના વકીલે સચોટ દલીલો રજૂ કરી હતી તથા સર્વોચ્ચ અદાલતના સંબંધિત ચુકાદાઓનો આધાર લીધો હતો. કોર્ટએ ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવાનો વિગતવાર અભ્યાસ કરી આરોપી પક્ષ દ્વારા પુરાવાનું નક્કર ખંડન થયેલ હોવાનું માન્યું. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ હાલોલ કોર્ટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ આર.બી. જોશીએ આરોપી એસ.કે.એમ. ઈન્ડસ્ટ્રીઝના સુનિલ માખીજાને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળના ગુનામાંથી નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

પંચમહાલ LCBએ કંકુથાંભલા પાસે એક્સપ્રેસ વે નીચેથી 8 લાખનો દારૂ અને કાર ઝડપી પાડ્યા

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે નીચે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો ચાલક ફરાર

(પ્રતિનિધિ) ગોધરા, તા.5 પંચમહાલ લોકલ ક્રાઇમ બ્રાન્ચે બાતમીના આધારે કંકુથાંભલાથી વાઘજીપુર જતા રોડ પર દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના બ્રિજ નીચે નાકાબંધી કરી વિદેશી દારૂના જથ્થા સાથે એક કાર ઝડપી પાડી પોલીસે કુલ ૧૭૮૮ નંગ દારૂના ક્વાટરિયા અને બીયર ટીન તથા કાર મળી કુલ રૂ. ૮,૦૭,૩૩૬નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે, પોલીસને જોઈ કાર ચાલક નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. જિલ્લામાં દારૂની અસામાજિક પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટે રેન્જ આઈજી આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક ડો. હરેશ દૂધાત દ્વારા અપાયેલી સૂચના મુજબ એલસીબી પીઆઈ એન.એલ. દેસાઈના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ કેહજીભાઈ સૈયદુભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે, એક સફેદ કલરની સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર GJ-18-BL-7855 લીમખેડા તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરીને એક્સપ્રેસ હાઈવે થઈ ગોધરા તરફ આવી રહી છે.

બાતમીના આધારે પીએસઆઈ આર.એન. પટેલ અને એલસીબી સ્ટાફે કંકુથાંભલા બ્રિજ નીચે વોચ ગોઠવી હતી. પોલીસની નાકાબંધી જોઈ કાર ચાલકે ગાડી દુર જ ઉભી રાખી દીધી હતી અને પોલીસ પકડે તે પહેલાં જ ભાગી છૂટ્યો હતો. પોલીસે કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની બોટલો અને બીયર મળી કુલ રૂ. ૫,૦૭,૩૩૬નો પ્રોહિબિશન મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે ૩ લાખની કાર અને દારૂ મળી કુલ ૮.૦૭ લાખનો સામાન કબજે કરી ફરાર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

કાલોલ રેફરલ હોસ્પિટલ પાસે અજાણ્યા કન્ટેનરે ટક્કર મારતા 22 વર્ષીય બાઈક ચાલકનું મોત

(પ્રતિનિધિ) 456, તા.5 કાલોલ શહેર તાલુકાના ઝેરા પગીના મુવાડા ગામ ભેંસાલ ખાતે રહેતા અને મસવાડ જીઆઈડીસી ખાતે ખાનગી કંપનીમાં સિકયુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા મહેન્દ્રભાઈ ભુરાભાઈ પગી ઉ. વ.૨૨ આજ રોજ વહેલી સવારે પોતાની નોકરીમાં રજા હોય ઘરે જવા માટે સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ લઈને નીકળ્યા હતા.

ત્યારે સવારે આઠ વાગ્યે બોરુ ટર્નિંગ થી ગોધરા તરફ જતા રેફરલ હોસ્પિટલ પાસે આધાર મોલ સામે પુરઝડપે અને ગફલતભરી રીતે એક કન્ટેનર ચાલક પોતાનું વાહન ચલાવી મહેન્દ્રભાઈ તેમજ અન્ય એક મોટરસાયકલ એમ બે મોટરસાયકલ ને પાછળથી ટક્કર મારી પોતાનું વાહન લઈ ફરાર થઈ ગયો હતો

મહેન્દ્રભાઈ ભુરાભાઈ પગી ની મોટરસાયકલને ટક્કર મારતા તેઓને માથાના ભાગે ગંભીર ઈજાઓને કારણે લોહી લુહાણ થઈ સ્થળ પર જ મરણ પામ્યા હતા જ્યારે બીજા મોટરસાયકલ ચાલકને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતકની લાશ પીએમ માટે મોકલી મૃતકના ભાઈની ફરિયાદ આધારે અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી પીએસઆઇ એલ એ પરમાર દ્વારા તપાસ શરૂ કરી છે.

શહેરાની અણીયાદ ચોકડી ખાતે 400થી વધુ બાઈક પર નિઃશુલ્ક સેફટી ગાર્ડ લગાવાયા

ગોધરા : ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી વાહનચાલકોને થતા જીવલેણ અકસ્માતો રોકવા માટે શહેરાની અણીયાદ ચોકડી ખાતે એક પ્રશંસનીય સેવાકીય પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. મણીનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત ફાયર એન્ડ સેફ્ટી રેસ્ક્યુ ટીમ દ્વારા નિઃશુલ્ક 'થ્રેડ-ગાર્ડ' વિતરણ અને ફિટિંગનું અભિયાન યોજાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન ત્યાંથી પસાર થતા આશરે ૪૦૦ જેટલા મોટરસાયકલ સવારોને સુરક્ષા પૂરી પાડવા માટે તેમના વાહનો પર સેફ્ટી વાયર લગાવવામાં આવ્યા હતા.

કાલોલ પોલીસે મધવાસ ચોકડી પાસેથી રૂ.3.58 લાખનો દારૂ ઝડપ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.25 કાલોલના પીઆઈ આર ડી ભરવાડ સ્ટાફ સાથે ઉતરાયણ અનુસંધાને ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે તેઓને ચોક્કસ બાતમી મળી હતી કે સફેદ કલરની સ્વીફ્ટ કાર જીજે ૦૬એચ એસ ૬૯૫૫ માં વિદેશી દારૂનો જથ્થો ભરીને મધવાસથી હાલોલ તરફ જનાર છે જે આધારે પોલીસે મધવાસ રાજપુતાના ચોકડી પાસે હાઈવે ઉપર આડશો મુકી વોચ ગોઠવી હતી.

બાતમી વાળી કાર આવતા પોલીસે રોકીને તપાસ કરતા કાર ચાલક મયુરભાઈ રાજેશભાઈ ઓડ રે. ઓડ ફળિયા હાલોલ ના હોવાનુ જણાવ્યું કારમાં પાછળના ભાગે વિદેશી દારૂ બિયરના ખાખી પુઠ્ઠા ના બોક્સ જોવા મળ્યા જે પૂછપરછ દરમિયાન પોતે હાલોલ ખાતે છૂટક વેચાણ કરવા લાવ્યો હોવાનું જણાવેલ.પોલીસે કાર કાલોલ પોલીસ મથકે લાવી ગણતરી કરતા બિયરની ૬ પેટી ૧૪૪ નંગ રૂ ૨૮,૮૦૦ તથા ૧૮૦ મી. લી. વિદેશી દારૂના પ્લાસ્ટિકના ક્વાર્ટર પૂઠાંના બોક્સ અને મિનીયા થેલામાં કુલ ૬૨૪ નંગ રૂ ૧,૨૪,૮૦૦/ કુલ રૂ ૧,૫૩,૬૦૦/ નો દારૂ તેમજ કાર રૂ ૨ લાખ અને મોબાઈલ રૂ ૫,૦૦૦/ કુલ મળીને રૂ ૩,૫૮,૬૦૦/ નો મુદામાલ કબજે કરી પ્રતિબંધિત વિસ્તારમાં પાસ પરમીટ વગર વિદેશી દારૂનો જથ્થો હેરફેર કરવા બદલ કાર ચાલક સામે કાર્યવાહી શરૂ કરી ગુનો દાખલ કર્યો છે.

કાયદેસરનુ લ્હેણુ પુરવાર ન થતા 4 લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને હાલોલ કોર્ટે નિર્દોષ છોડ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.10 હાલોલ તાલુકાના કંજરી ગામમાં રહેતા દેવેન્દ્રભાઈ વિઠલભાઈ પટેલે કાલોલના હનુમાન ફળિયા દાલ ની ખડી ખાતે રહેતા સિકંદરખાન જોરાવરખાન પઠાણ વિરુદ્ધ હાલોલ કોર્ટમાં ચાર લાખ રૂપિયાનો ચેક રિટર્ન અંગે કેસ દાખલ કર્યો હતો ફરિયાદીના જણાવ્યા મુજબ વારંવાર મુલાકાત થતા આરોપી સાથે મિત્રતા થઈ હતી અને આરોપીને પોતાના ધંધા માટે નાણાંની જરૂર પડતા ચાર લાખ રૂપિયા હાથ ઉછીના માંગતા ફરિયાદીએ ચાર લાખ રૂપિયા બે માસમાં પાછા આપવાની શરતે આપ્યા હતા જે બાદ ઉઘરાણી કરતા આરોપીએ પોતાના કેનેરા બેંક ના ખાતાનો ચાર લાખ રૂપિયાનો ચેક તા ૦૬/૦૮/૨૨ ના રોજ નો લખી આપ્યો હતો જે ચેક બેંકમાં જમા કરાવતા ડ્રોઅર સિગ્નેચર ડીફર ના શેર સાથે રિટર્ન થયો હતો ત્યારબાદ નોટિસ આપી અને હાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ ની કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. જે ફરિયાદમાં આરોપી તરફે એડવોકેટ એ એસ દિવાન હાજર રહ્યા હતા પોતે ખેતી ની લોન લઈને તે રિન્યુ કરાવે છે અને ચાર લાખ જેવી મોટી રકમ હાથ ઉછીની આપે છે.આરોપી તરફે એડવોકેટ જે બી જોશી દ્વારા કરવામાં આવેલ દલીલો અને એપેક્ષ કોર્ટના રજુ કરેલ ચુકાદાઓ ને ધ્યાને લઈને હાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ આર બી જોશી દ્વારા મહત્વપૂર્ણ અવલોકન કરતા નોંધ્યું છે કે મિત્રતા નુ કારણ આપી મોટાભાગના કેસો દાખલ કરવામાં આવતા હોય છે જેમાં ૯૯ ટકા કેસમાં ગેરકાયદેસર રીતે વ્યાજ વટાવ નો ધંધો થયેલ હોય છે અને વ્યાજે નાણાં લેનાર ઈસમો સામે આવું ધિરાણ કરતા લોકો ન્યાયિક કાર્યવાહી નો દુરુપયોગ કરવામાં આવે છે. પરિણામે વ્યાજે નાણાં લેનાર ને લાંબી ન્યાયિક કાર્યવાહી માથી પસાર થવું પડે છે અને પરેશાની ભોગવવી પડે છે હાલનો વ્યવહાર પણ ઊંચા વ્યાજે નાણા ધીરધારનો છે. તેમ જણાવી ફરિયાદી પોતાનુ કાયદેસરનું લ્હેણુ સાબીત કરી શક્યા ન હોય આરોપી સિકંદરખાન જોરાવરખાન પઠાણ રે. કાલોલને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો તેમજ બે લાખથી વધુ રકમના રોકડેથી વ્યવહાર બાબતે ચુકાદાની નકલ સંબંધિત આવકવેરા અધિકારીને મોકલી આપવા આદેશ આપતા કોરા ચેકમા મોટી રકમ ભરી/ ભરાવી ફરિયાદ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

નગરપાલિકા સામે ભેદભાવનો ગંભીર આક્ષેપ, પ્રતિક ઉપવાસની ચીમકી

કાલોલ શહેરના વોર્ડ નં. 4માં મૂળભૂત સુવિધાઓ મુદ્દે કાઉન્સિલરોનું અલ્ટિમેટમ

10 દિવસનો સમય, 19 જાન્યુઆરીથી પ્રતિક ઉપવાસની ચેતવણી

(પ્રતિનિધિ) કાલોલ, તા.10 કાલોલ શહેરના વોર્ડ નંબર-4 વિસ્તારમાં વર્ષોથી અવગણાતી મૂળભૂત નાગરિક સુવિધાઓ અંગે વોર્ડના ચારેય ચૂંટાયેલા કાઉન્સિલરો દ્વારા નગરપાલિકા તંત્રને કડક અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે. વોર્ડના કાઉન્સિલરો મીનાબેન કે. સુથારીયા, સાયરાબીબી એ. કાનોડિયા, હર્ષદપુરી એ. ગોસાઈ અને અબ્દુલસલામ કોસિયાએ કાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારીને કાયદેસર લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. વોર્ડ નં. 4માં રસ્તા, પીવાનું પાણી, ગટર, સફાઈ, સ્ટ્રીટ લાઇટ અને ચોમાસાના પાણીના નિકાલ જેવી મૂળભૂત સુવિધાઓ વર્ષોથી અવગણાઈ રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અનેક કામો માટે લાંબા સમય પહેલા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ હોવા છતાં આજદિન સુધી કામો શરૂ ન થતાં નાગરિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને હાઈવે (રાધેશ્યામ કોમ્પ્લેક્સ વાળો ઢાળ)થી જલારામ નગર સોસાયટી સુધીનો મુખ્ય રસ્તો, ગધેડિયા ફળિયામાં ખુલ્લું જોખમી નાળું, માઁ રેસીડેન્સી વિસ્તારમાં છેલ્લા 7 વર્ષથી પીવાના પાણીની અછત, ભાગ્યોદય સોસાયટીમાં ચોમાસાના પાણીનો નિકાલ ન થવો અને મુખ્ય ગેટથી ભાથીજી મહારાજના મંદિર સુધી ગટરલાઇનની વર્ષોથી સફાઈ ન થવી જેવી સમસ્યાઓ ગંભીર સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. કાઉન્સિલરોનો આક્ષેપ છે કે વોર્ડમાં દલિત, લઘુમતી અને ઓબીસી સમાજની વસ્તી વધુ હોવાના કારણે નગરપાલિકા દ્વારા ભેદભાવપૂર્ણ વલણ અપનાવવામાં આવી રહ્યું છે, જે બંધારણીય સમાનતાના સિદ્ધાંતના વિરુદ્ધ છે. તમામ મુદ્દાઓના નિરાકરણ માટે નગરપાલિકા તંત્રને 10 દિવસનો સમય આપવામાં આવ્યો છે. આ બાબતે PMO પોર્ટલ તથા પંચમહાલ જિલ્લા કલેક્ટરને પણ લેખિત રજૂઆત કરવાની જાહેરાત કરવામાં આવી છે.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજમાં કૂતરા કરડવાના કેસોમાં જાગૃતિ સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) 456, તા.25 નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ખાતે 'રખડતાં શ્વાન અને પ્રાથમિક સારવાર' અંગે જાગૃતિ સેમિનાર યોજાયો દાહોદ: દાહોદ અનાજ મહાજન એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ખાતે તાજેતરમાં વિદ્યાર્થીઓની સુરક્ષા અને સ્વાસ્થ્ય જાગૃતિના ભાગરૂપે એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૦૮/૦૧/૨૦૨૬ ને ગુરુવારના રોજ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રખડતાં કુતરાઓ અને તેમનાથી ઉદ્ભવતા સંભવિત ભય સામે કેવી રીતે સુરક્ષિત રહેવું તે અંગે માહિતગાર કરવાનો હતો. વર્તમાન સમયમાં રખડતાં કુતરાઓના કરડવાના બનાવો વધી રહ્યા છે ત્યારે, આ સેમિનારમાં વિદ્યાર્થીઓને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કે જો કુતરું કરડે તો ગભરાયા વગર 'પ્રાથમિક સારવાર' કઈ રીતે કરવી. નિષ્ણાત દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે કુતરાના કરડ્યા પછીના પ્રથમ ૧૫ મિનિટમાં ઘા ને સાબુ અને પાણીથી ધોવા જેવી બાબતો કેટલી મહત્વની છે, જે હડકવા જેવા ગંભીર રોગથી બચાવી શકે છે. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા